# લગ્નના એ ફોટાએ મારા ઘરમાં લડાઈ ઊભી કરાવી: સંજય મિશ્રા

**પોતાના કોમિક ટાઇમિંગ અને સિરિયસ ફિલ્મોમાં એક્ટિંગનો જબરદસ્ત પરચો બતાવી ઘણા એવોર્ડ્સ પોતાને નામે કરાવી ચૂકેલા બોલિવૂડમાં ‘કામયાબ’ એક્ટર સંજય મિશ્રાએ આઉટસાઇડર તરીકે એન્ટ્રી લીધી હતી અને આજે તો કોમેડી ફિલ્મોનો એક અમૂલ્ય ભાગ છે. હાલમાં તેઓ ‘દુર્લભ પ્રસાદ કી દૂસરી શાદી’માં લીડ રોલમાં આવવાના છે. તો ચાલો જાણીએ ભૂલભુલૈયાના ‘બડે પંડિત’ની ‘આંખો દેખી’ જીંદગી વિશે...**




**બિહારથી બોલિવૂડમાં શરૂઆતના દિવસો કેવા હતા?**

બિહારી બાબુ કોઇ પણ રીતે રસ્તો શોધી જ લેઇ. બાળપણમાં અમે વારાણસીમાં રહેતા હતા, કેન્દ્રિય વિદ્યાલયમાં ભણ્યો. સાવ સામાન્ય જીવન હતું. મારી દાદી રેડિયો પર ગીતો ગાતા હતા, અને પિતા પણ કલાના શોખીન હતા. એટલે ઘરમાં કલા અને સંગીતનું વાતાવરણ હતું. હું નાનપણથી જ એક્ટિંગ કરવા માંગતો હતો. 1989માં NSDમાંથી ગ્રેજ્યુએટ થયો. ત્યાં ત્રણ વર્ષની ટ્રેનિંગ લીધી. એ પછી ટીવી સિરિયલ્સ અને કોમર્શિયલ્સમાં કામ કર્યું. પહેલી ફિલ્મ 1995માં ‘ઓહ ડાર્લિંગ યે હૈ ઇન્ડિયા’ હતી, જેમાં નાનો રોલ હતો.

**તમારી કારકિર્દીની શરૂઆતમાં ઘણી મુશ્કેલીઓ આવી હશે ને? એ વિશે થોડું જણાવશો?**

હા, શરૂઆતમાં ઘણો સંઘર્ષ કરવો પડ્યો. નાના રોલ્સ મળતા હતા, જેમ કે ‘સત્યા’ અને ‘દિલ સે’માં નાના રોલ મળ્યા. પછી ટીવી પર ‘ઓફિસ ઓફિસ’માં શુક્લાજીનો રોલ મળ્યો, જેમાં પાન ખાતો કરપ્ટ અધિકારી હતો. એ સિરિયલથી લોકો મને ઓળખવા લાગ્યા. પણ એક સમયે એટલો સ્ટ્રેસ આવ્યો કે ફિલ્મો છોડીને ઋષિકેશ ચાલ્યો ગયો. ત્યાં ઢાબા પર વાસણ ધોવા અને રસોઈ કરવાનું કામ કર્યું. એ સમયે મને લાગ્યું કે જીવનનો અર્થ શું છે? પણ પછી પાછો આવ્યો અને કામ ચાલુ રાખ્યું.

**તમારી ‘ગોલમાલ’, ‘ધમાલ’, ‘ઓલ ધ બેસ્ટ’ જેવી ફિલ્મોમાં ખૂબ પ્રખ્યાત થયા તમને આ એક્ટરનો ટેગ ગમે છે?**

કોમેડી ફિલ્મોની સફળતાએ મારા કરિયરને સારી રીતે નિખાર્યું છે, પહેલાંના મારા નાના રોલ કરતા કોમેડી રોલની સક્સેસ પછી ઘણી ફિલ્મોમાં કામ મળ્યું. એક ટાઇમ પછી તો લાગ્યું કે ટાઇપકાસ્ટ જ થઇ ગયો છું. કોમેડીના એ રોલ્સથી ઘણી લોકપ્રિયતા મળી. લોકો મને કોમેડીયન એક્ટર તરીકે જુએ છે, પણ મને એ ટેગ પસંદ નથી. હું તો ફક્ત એક એક્ટર છું, કોમેડી કે સીરિયસ બંને ફિલ્મો કરી શકું છું. મને કોઇ પણ રોલનો ટેગ પસંદ નથી.

**‘આંખોં દેખી’ જેવી સીરિયસ ફિલ્મનો અનુભવ કેવો હતો?**

‘આંખોં દેખી’ મારા માટે ખાસ છે. તેમાં બાઉજીનો રોલ હતો, જે માત્ર પોતાની આંખે જોયેલી વાતો પર જ વિશ્વાસ કરે છે. એ ફિલ્મથી મને સાબિત કરવાની તક મળી કે હું મેઇન રોલ પણ કરી શકું છું. 2015માં એ માટે બેસ્ટ એક્ટર ક્રિટિક્સ એવોર્ડ મળ્યો. એ જ રીતે ‘મસાન’માં વિદ્યાધર પાઠકનો રોલ, જેમાં ગંગા કિનારેની જીવનની વાત હતી. એમાં પણ ઘણી વાહવાહી મળી અને બેસ્ટ સપોર્ટિંગ એક્ટરના એવોર્ડ્સ મળ્યા. આ બંને સીરિયસ ફિલ્મોના કારણે મને પોતાની સાચી કાબેલિયત સમજાવી.

**કોમેડી અને સીરિયસ ફિલ્મોમાં રોલની પસંદગી કઇ રીતે કરો છો? તમારા મતે ફિલ્મનો સક્સેસ ફોર્મુલા શું?**

ફિલ્મની વાર્તા શું છે અને તેને કહેવાની રીત કેવી છે અને પાત્રના આધારે ફિલ્મોની પસંદગી કરું છું. હું માનું છું કે એક્ટિંગમાં પાત્રને જીવવું જરૂરી છે, ત્યારે જ દર્શકોને અસર થાય. મારા મતે કોઇ પણ ફિલ્મ નાની કે મોટી નથી હોતી. સાથે સારી સ્ટારકાસ્ટ છે કે મોટા બેનર નીચે બનેલી ફિલ્મો મોટી હોય કે કોઇ મોટા ડાયરેક્ટર સાથે કામ કરવાથી ફિલ્મ સફળ જ જશે તે માનવું ખોટું છે.

**તમારી પર્સનલ લાઇફ કેવી છે? તમારું ફેમેલી ક્યારેય લાઇમ લાઇટમાં નથી આવ્યું. કોઇ કારણ?**


મારી પત્નીનું નામ કિરણ છે, અમારે બે દીકરીઓ છે - પલ અને લમ્હા. નામો અર્થપૂર્ણ છે ને? જીવનમાં પળો અને લમ્હાઓ મહત્વના છે. હું તેમને સાદું જીવન જીવવાનું કહું છું, પણ દબાણ નથી કરતો. તેમને સોશિયલ મીડિયા અને મોબાઈલથી દૂર રાખું છું, કારણ કે બાળકોએ નેચર અને પુસ્તકો સાથે જોડાવું જોઈએ. તમે કહી શકો કે હું સ્ટ્રીક્ટ ફાધર છું.

**‘દુર્લભ પ્રસાદ કી દુસરી શાદી’માં મહિમા ચૌધરી સાથે તમારી તસવીરો વાયરલ થઈ હતી, તમે ખરેખર લગ્ન કર્યા?**

એમાં તો મારા ઘરે લડાઇ કરાવે તેવો સીન થઇ ગયો હતો! વાયરલ થયેલા એ ફોટોઝ ફિલ્મના શૂટના હતી. ફિલ્મમાં દીકરો પોતાના વિધુર પિતાના લગ્ન કરાવે છે. મહિમા ચૌધરી સાથે લગ્નના ફોટોઝ શૂટિંગ વખતના હતા જે કોઇકે વાયરલ કરી દીધા હતા. વાયરલ થયા પછી મને ઘણા ફોન આવ્યા, લોકો અભિનંદન આપવા લાગ્યા! ●

# ‘સિંગલ પાપા’ સિરીઝ, જોવી વિથ ફેમિલી

‘સિંગલ પાપા’ શું કરી શકે તેનો એક જવાબ છે તે નેટફ્લિક્સ પર નંબર-1 કોમેડી સિરીઝ તરીકે ટ્રેન્ડ કરી શકે છે. ‘સિંગલ પાપા’ નામની વેબ સિરીઝમાં કુનાલ ખેમુ મેઈન રોલમાં છે, વાર્તા મુજબ હાલમાં જ તેના ડિવોર્સ થયા છે અને એક અનાથ બાળકને અડોપ્ટ કરે છે. આ સિરીઝના ક્રિએટર્સ ઈશિતા મોઈત્રા અને નીરજ ઉધ્વાની છે, અને તેને ડિરેક્ટ કરી છે શશાંક ખૈતાન, હિતેશ કેવલ્યા અને નીરજ ઉધ્વાનીએ. 6 એપિસોડની આ સિરીઝનો દરેક એપિસોડ 30થી 45 મિનિટનો છે, જે તેને સરળતાથી જોઈ શકાય તેવી બનાવે છે. આ વાર્તા હરિયાણવી પરિવારની આસપાસ ફરે છે અને તેમાં કોમેડી, ઈમોશન અને પરિવારીક ડ્રામાનું સારું કોમ્બિનેશન છે.




સ્ટોરીનો મેઈન રોલમાં ગૌરવ ગેહલોત (કુનાલ ખેમુ) છે, જે એક ઈમ-મેચ્યોર અને મનમોજી માણસ છે. તેના હાલમાં જ પત્ની અપર્ણા (ઈશા તલવાર) સાથે ડિવોર્સ થયા છે. પછી, તે અચાનક એક નાના બાળક અમુલને મળે છે. આ બાળકને અડોપ્ટ કરવા માટે પહેલાં પરિવાર અને અડોપ્શન એજન્સીની રોમિલા નેહરુ (નેહા ધુપિયા)નો સામનો કરવા પડે છે. પરિવારમાં તેના પિતા જતીન (મનોજ પાહવા), પુનમ (આયેશા રઝા) અને બહેન નમ્રતા (પ્રાજક્તા કોલી) છે, જેઓ તેના નિર્ણયથી નાખુશ છે. વાર્તા સિંગલ પેરન્ટિંગની મુશ્કેલીઓ, પુરુષની નરમાશ અને પરિવારીક બંધનો વિશે વાત કરે છે, પરંતુ તેમાં ઘણી મજેદાર અને ઈમોશનલ મોમેન્ટ્સ છે.

આ સિરીઝની સૌથી મોટી તાકાત તેની ફ્રેશ સ્ટોરી છે. તે પરંપરાગત પુરુષની ઈમેજને તોડીને એક નવી મેસ્ક્યુલિનિટી બતાવે છે, જ્યાં ગૌરવ બાળક સાથેના બોન્ડમાં સોફ્ટ અને ઈમોશનલ બને છે. કોમેડીના સીન્સમાં બોલિવૂડના રેફરન્સ અને પરિવારીક ઝઘડા જોવામાં મજા આપે છે. શરૂઆતમાં વાર્તા થોડી ધીમી અને કન્વીનિયન્ટ લાગે છે, જેમ કે બાળકનું આગમન થવું. પ્રોડક્શન ડિઝાઈન થોડું સસ્તુ લાગી શકે છે અને કેટલાક જોક્સ પ્રેડિક્ટેબલ છે. તેમ છતાં, તે ફીલ-ગુડ વાઈબ આપે છે અને ફેમિલી સાથે જોવા જેવી છે.

**આ સિરીઝની સૌથી મોટી તાકાત તેની ફ્રેશ સ્ટોરી છે. તે પરંપરાગત પુરુષની ઇમેજને તોડીને એક નવી મેસ્ક્યુલિનિટી બતાવે છે, જ્યાં ગૌરવ બાળક સાથેના બોન્ડમાં સોફ્ટ અને ઇમોશનલ બને છે. કોમેડીના સીન્સમાં બોલિવૂડના રેફરન્સ અને પરિવારીક ઝઘડા જોવામાં મજા આપે છે**

પર્ફોર્મન્સ વિશે વાત કરીએ તો કુનાલ ખેમુનું પર્ફોર્મન્સ વખાણવા લાયક છે. તેની એક્ટિંગમાં અપરિપક્વતા અને બાળક પ્રત્યેનો પ્રેમ સરસ રીતે દેખાય છે. તેના કોમિક ટાઈમિંગ અને ઈમોશનલ સીન્સ તેને સ્ટાર બનાવે છે. નેહા ધુપિયા કેરેક્ટરમાં સારી રીતે બંધબેસે છે. મનોજ પાહવા અને આયેશા રઝા માતા-પિતા તરીકે ઈમોશનલ ડેપ્થ આપે છે, જ્યારે પ્રાજક્તા કોલીનું પર્ફોર્મન્સ થોડું ઓવર લાગે છે. ડાયનાન્ડ શેટ્ટી જેવા સપોર્ટિંગ કાસ્ટ પણ સારા છે.

એકંદરે, ‘સિંગલ પાપા’ એક એન્ટરટેઈનિંગ અને હાર્ટવર્મિંગ સિરીઝ છે. તેનું IMDb રેટિંગ 8.2 છે, જે તેની પોપ્યુલારિટી બતાવે છે. જો તમે હળવી કોમેડી અને ફેમિલી ડ્રામા પસંદ હોય અને કોઈ ફ્રેશ સ્ટોરી જોવી હોય, તો ‘સિંગલ પાપા’ જોઈ લો. ●

# ચેરિટીના બહાને મુનાવર અને એલ્વિશ ઝઘડ્યા

ફેમસ સ્ટેન્ડપ કોમેડિયન અને હવે તો ઍક્ટર બની ચૂકેલા મુનાવર ફારુકીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં તે કેટલાક એનજીઓના નામ લીધા વગર તેમની કામ કરવાની રીત અને નીતિમત્તા પર સવાલ કરે છે. તેણે કહ્યું કે કેટલાક લોકો ચેરિટીના નામે પૈસા ઉઘરાવે છે અને તેને બિઝનેસ બનાવી દીધો છે.




જો કે આ વીડિયોમાં તેણે કોઈ વ્યક્તિનો ઉલ્લેખ કર્યો નથી, પરંતુ બધું જાણતા ચાલાક સોશિયલ મીડિયા યુઝર્સે તેને એલ્વિશ યાદવ સાથે જોડી રહ્યા છે. થોડા દિવસો પહેલા, એલ્વિશે એક બાળકની મેડિકલ સારવાર માટે 9 કરોડના ક્રાઉડફંડિંગની અપીલ કરતો એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોએ ખૂબ ચર્ચા જગાવી હતી. લોકો કહે છે કે મુનાવરે એલ્વિશનું નામ લીધા વિના તેના પર નિશાન સાધ્યું છે. ત્યારથી, બંનેના ફેન્સ સોશિયલ મીડિયા પર એકબીજા સામે લડી રહ્યા છે. મુનાવરે 20 ડિસેમ્બરે તેના ઈન્સ્ટાગ્રામ પર આ વીડિયો શેર કર્યો.

વીડિયો શેર કરતા મુનાવરે કહ્યું, “મારો અંતરાત્મા મને કંઈ કરવાની મંજૂરી આપતો નથી.” તેમણે ક્રાઉડફંડિંગની આડમાં પૈસા એંઠતી સંસ્થાઓને આડકતરી રીતે કટાક્ષ કર્યો હતો. મને તો આઘાત લાગ્યો, આ કેવા પ્રકારનો ધંધો છે? આ કેસ સાચો હોઈ શકે કે ન પણ હોય, પરંતુ સારવાર પછી બચેલા પૈસા ક્યાં જશે?” “જો આટલું બધું ક્રાઉડફંડિંગ થઈ રહ્યું છે, તો તેની પાછળ કોઈ હેતુ હોવો જોઈએ. આ ખૂબ જ ખોટું છે. આ લોકો પાગલ થઈ ગયા છે. હું આ એટલા માટે કહી રહ્યો છું જેથી લોકોને ખબર પડે કે શું ચાલી રહ્યું છે. આવી વાર્તાઓ કરીને પૈસા લેવા યોગ્ય નથી. જે લોકો અમને જુએ છે તેઓ મહેનતુ લોકો છે. હું મારા પોતાના પૈસાથી ચેરિટી કરીશ. હું બીજાને આમ કરવા નહીં કહું.” કેટલાક કહે છે કે મુનાવર સાચો છે. આ ક્રાઉડફંડિંગ પૈસામાં પારદર્શિતા લાવશે. અન્ય લોકો કહે છે કે મુનાવર આ રીતે એલ્વિશ સામે પોતાનો ગુસ્સો કાઢી રહ્યો છે. આ રીતે, જરૂરિયાતમંદોને પણ મદદ મળશે નહીં. મુનાવર ફારુકીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ●

# રીયલ સિરીયલ

## આ ટીવી એક્ટર જીવે છે ડબલ લાઇફ ઇન રિયલ-લાઇફ




થોડા સમય પહેલાં ‘ટોક ઓફ ધ ટાઉન’માં બોલિવુડના સ્ટાર્સની ચિટિંગ પર ખૂબ ચર્ચા થઇ. હવે ફરી એકવાર પ્રાઈવેટ ડિટેક્ટીવ તાન્યા પુરીએ ટીવી સ્ટાર્સની પોલ ખોલી છે. તેણે એક પોડકાસ્ટમાં કહ્યું કે 1990ના દાયકાના ફેમસ હિન્દી ટીવી એક્ટર ડબલ લાઈફ જીવતો હતો. આ એક્ટર મુંબઈમાં એક નવી-નવેલી એક્ટ્રસ સાથે લીવ-ઈનમાં રહેતો હતો, પણ રિયલમાં તેમની પ્રથમ પત્ની અને એક મોટી દીકરી અલગ શહેરમાં રહેતા હતા.

તાન્યા પુરીએ જણાવ્યું કે આ એક્ટરની પહેલી પત્ની સ્કુલ ટીચર છે અને તેમને એક દીકરી પણ છે, જેઓ જુદા શહેરમાં રહે છે. એક્ટર તેમને પૈસા મોકલતો અને વારંવાર મળવા જતો. આ બધું છુપાવવા માટે તે નાના શહેરમાં અલગ નામ વાપરતો હતો.

તે એક એક્ટ્રસ સાથે મુંબઈમાં લાંબા સમય સુધી લીવ-ઈનમાં રહેતો હતો અને આ બંનેએ મંદિરમાં લગ્ન કર્યા હતા. જેથી તેમના કાયદેસરના કોઈ પ્રૂફ નથી. એક્ટ્રસ માનતી હતી કે તે તો પેલા રંગીલા કલાકારની કાયદેસરની પત્ની છે. પણ તેને ખબર નહોતી કે તેના પતિની બીજી ફેમેલી પણ છે. તેને એવું લાગતું હતું કે સમય જતાં તેનાં પતિનો પોતાના તરફ ઈન્ટરેસ્ટ ઓછો થઈ રહ્યો છે.

હોટ ટોપિક એ છે કે આ ટીવી સ્ટાર પોતાની સિક્રેટ ફેમેલી ચલાવવા માટે મુંબઈની પાર્ટનર પાસેથી પૈસા લેતો હતો. આ કેસ ત્યારે બહાર આવ્યો જ્યારે મુંબઈની પત્નીને શંકા ગઈ કે તે કોઈ બીજી સ્ત્રી સાથે અફેર ચાલે છે, અને તેની ખાતરી કરવા ડિટેક્ટિવને હાયર કર્યા. પણ તપાસમાં આખું ડબલ લાઈફ સામે આવ્યું. જોકે, પ્રથમ પત્ની અને દીકરીને એક્ટરના મુંબઈવાળા રિલેશન વિશે ખબર હતી પણ તેમણે ક્યારેય મીડિયામાં આવવાનું પસંદ ન કર્યું અને ચુપ રહ્યા. જ્યારે મુંબઈની મહિલાને આ સ્કેન્ડલની જાણ થઈ ત્યારે તેણે પોતાની ઈજ્જત બચાવવા માટે તેની સાથે સંબંધ તોડી નાખ્યો. કારણ કે તેનું ઘણું બધુ પબ્લીકલી દાવ પર હતું, અને આ વાત મીડિયામાં આવ્યા પછી તેની સાથે રહેવું શરમજનક હોત. આ વાત તાન્યા પુરીએ શેર કરી છે જે એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીના ઘણા સિક્રેટ્સ જાણે છે. જોકે, તાન્યાએ આ એક્ટર કે તેની પત્નીઓ વિશે કોઈ હિન્ટ નથી આપી. તમને શું લાગે છે કોણ હોઈ શકે? ●